## મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરીની વિગતો, કાર્યો અને ફરજો

રાજયના વિકાસ માટેની આંતરમાળખાકીય સુવિધાઓમાં વીજળી એ એક અનિવાર્ય અને પાયાની જરૂરિયાત છે. ઉદ્યોગો, ખેતી, ગૃહ ઉપયોગી સાધનો સહિત દરેક ક્ષેત્રમાં વીજળી વપરાશ અનિવાર્ય છે અને વીજળી વિના પ્રગતિની કલ્પના પણ થઇ શકે તેમ નથી. સીક્કાની બીજી બાજુ એ છે કે, વીજળીનો બેકાળજીભર્યો ઉપયોગ ભયંકર અકસ્માત સર્જી શકે છે અને વીજળીનો કરકસરયુકત ઉપયોગ રાજયના વિકાસમાં પૂરકબળ બની શકે એમ છે. જાહેર જનતાની વીજ સલામતિ જળવાઇ રહે તે જોવાની રાજય સરકારની વૈધાનિક જવાબદારી તેમજ વીજળી વિષયક કાયદાઓનો કાર્યક્ષમ અમલ કરી રાજયની મહત્વની એવી વીજકરની મહેસુલી આવક ઉઘરાવવાની જવાબદારી આ કચેરી દ્વારા નિભાવવામાં આવે છે.

આ કામગીરી બે અલગ અલગ ખાતાના વડાની કચેરીઓ (૧) મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી અને (૨) વિદ્યુત શુલ્ક સમાહર્તાની કચેરી એમ બે કચેરીઓના ખાતાના વડા તરીકે એક જ અધિકારી મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તા છે.

આ તંત્રને સોંપવામાં આવતી કામગીરીમાં પારદર્શકતા, વિશ્ર્વસનિયતા, ગતિશીલતા અને યોગ્ય માર્ગદર્શન પુરા પાડી પ્રજાને જવાબદાર અને સંવેદનશીલ તંત્ર પુરૂ પાડવું તે સરકારનો ધ્યેય અને નાગરિકનો અધિકાર છે. આ ધ્યેયને પ્રાપ્ત કરવા નિષ્ઠાપૂર્વકના અને પ્રમાણિક પ્રયત્નો કરવા આ તંત્ર પ્રતિબધ્ધ છે.

ટૂંકમાં, આ કચેરી જાહેર જનતાની વીજ સલામતિ જાળવવાની સાથોસાથ રાજયની અગત્યની મહેસુલી આવક વીજકર સંબંધી કામગીરી સંભાળે છે.

## મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરીનું મિશન/દૂરંદેશીપણું

આ કચેરી જાહેર જનતાની વીજળીક સલામતિ જાળવવાની રાજય સરકારની વૈધાનિક જવાબદારી નિભાવતી હોઇ ખૂબ જઅગત્ય ધરાવે છે. સાથોસાથ સરકારની અગત્યની મહેસુલી આવક વીજકર સંબંધી કામગીરી સંભાળતી હોઇ મહત્વની કચેરી છે.

અગાઉ જણાવ્યું તેમ જાહેર જનતાની વીજળીક સલામતિ માટે અતિભારે/ભારે/મધ્યમ કક્ષાના અને ખેતીવાડી ગ્રાહકોના વીજસ્થાપનોની વાર્ષિક તપાસણી, લીફ્ટ શાખાના દ્વારા વીજસ્થાપનોના નકશાની મંજૂરી, પ્રારંભિક અને વાર્ષિક તપાસણી, રોપ-વેની મંજૂરી અને વાર્ષિક તપાસણીની કામગીરી કરવામાં આવતી હોઇ અને આ સ્થાપનોનો ઉપયોગ જાહેર જનતા દ્વારા થતો હોઇ સલામતિની બાબતને પ્રાધાન્ય આપવાનું રહે તે સ્વાભાવિક છે.

## મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરીનો ટૂંકો ઇતિહાસ અને તેની રચનાનો સંદર્ભ

ગુજરાત રાજયની સ્થાપના થયા બાદ આ કચેરી તા.૧.૪.૬૬ થી જાહેર બાંધકામ વિભાગમાંથી છૂટી પાડીને મુખ્ય વિદ્યુત નિરીક્ષક અને વિદ્યુત શુલ્ક સમાહર્તા એમ બે અલગ અલગ ખાતા તરીકે પરંતુ બંન્નેના ખાતાના વડા એક જ તરીકે અસ્તિત્વમાં આવેલ છે. જાહેર જનતાની વીજળીક સલામતિની વૈધાનિક જોગવાઇઓને ધ્યાને લઇ આ માટે અલગ તંત્રની આવશ્યકતા જણાતાં જાહેર બાંધકામ વિભાગમાંથી આ કામગીરીને તત્કાલિન ઉદ્યોગ, ખાણ અને ઉર્જા વિભાગમાં તબદીલ કરવામાં આવેલ હતી અને હાલમાં આ

કચેરી ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગના વહીવટી નિયંત્રણ હેઠળ કામગીરી બજાવે છે. આ કચેરીઓની કામગીરીની સમજ વધુ સારી રીતે મળી રહે તે હેતુથી બંન્ને કચેરીઓની વિગતો અલગ અલગ આપેલ છે.

## મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરીની ફરજો

સને ૨૦૦૩ નો વીજ અધિનિયમ અને ભારતીય વીજ નિયમો-૧૯૫૬ હેઠળ ઘડાયેલા નિયમોના યોગ્ય અસરકારક પાલન અર્થે તેમજ વીજળી વપરાશ ને લીધે ઉભા થતા જોખમો સામે સલામતી જળવાઇ રહે તે અંગેની કાર્યવાહી આ ખાતા મારફત થાય છે.

આ ઉપરાંત ગુજરાત લીફ્ટ એન્ડ એસ્કેલેટર્સ અધિનિયમ-૨૦૦૦ અને તેની હેઠળના ઘડાયેલા નિયમોના અમલની કામગીરી તેમજ વીજ બચતને પ્રોત્સાહન મળે તે માટે ૨૦૦ કે.વી.એ. કે તેથી વધુ કોન્ટેકટ ડીમાન્ડ ધરાવતા ઔદ્યોગિક એકમો તથા ૭૫ કિલોવોટ કે તેથી વધુ વીજભાર ધરાવતા રહેઠાણ અને ઔધોગિક સિવાયના ગ્રાહકો માટે ઉર્જા ઓડીટ ફરજીયાત બનાવામાં આવેલ છે. ગૃહ ઉપયોગી વીજળીક વપરાશના સાધનોમાં હલકી ગુણવત્તાને લઇને ગ્રાહકોના જાન-માલનું જોખમ ન રહે તે માટે ગુણવત્તા નિયંત્રણ એકમ કામગીરી કરે છે. જેમાં ગૃહ ઉપયોગી વીજળીક સાધનોની ઉંચી ગુણવત્તા જળવાઇ રહે તેમાટે આગ્રહ રાખવામાં આવે છે.

નિરીક્ષકાલયે નીચે જણાવેલ અધિનીયમો અને નિયમોના અમલની કામગીરી ગુજરાત રાજયમાં કરવાની હોય છે.

1. સને ૨૦૦૩ નો વિજ અધિનિયમ અને ભારતીય વીજ નિયમો-૧૯૫૬
2. મુંબઇ સીનેમા નિયમો, ૧૯૫૪
3. ભારતીય વિદ્યુત નિયમો ૧૯૫૬ના નિયમ -૪૫ હેઠળ ઘડાયેલ લાયસન્સીંગ બોર્ડ અંગેના ના નિયમો.
4. સને ૨૦૦૦ ના ગુજરાત લીફ્ટ અને એસ્કેલેટર્સ અધિનિયમ અને તે હેઠળના નિયમો.
5. ૧૯૪૬ ના મુંબઇ વીજળી (વિશેષાધિકાર) અધિનિયમ.
6. ગૃહ ઉપયોગી વિજળીક માલ સામાનની ગુણવત્તા અંગેના બ્યુરો ઓફ ઇન્ડીયન સ્ટાન્ડર્ડ એકટ-૧૯૮૬ ના સેકશન ૧૪ હેઠળ બહાર પાડવામાં આવેલ "ઇલેક્ટ્રીકલ વાયર્સ કેબલ્સ એપ્લાયન્સીસ એન્ડ પ્રોટેકશન ડીવાઇસીસ એન્ડ એસેસરીઝ (ગુ.નિ) હુકમ" - ૨૦૦૩
7. મુંબઇ એરીયલ રોપ-વે અધિનિયમ ૧૯૫૫ અને તેની હેઠળના નિયમો.
8. વિદ્યુત પુરવઠા અધિનિયમ ૧૯૪૮ ની અમુક કલમો હેઠળની કામગીરી.
9. ઉર્જા ઓડીટ ને લગતા ગુજરાત યુઝ ઓફ ઇલેક્ટ્રીકલ એનર્જી (રેગ્યુલેશન) હુકમ, ૧૯૯૯ ની કામગીરી.

### મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરીની મુખ્ય પ્રવૃત્તિઓ

- રાજયની પ્રજાની વીજ સલામતિ જાળવવાની

- હલકી ગુણવત્તાવાળા વીજળીક ઉપકરણો ન વેચાય તે જોવું
- વીજ બચતને પ્રોત્સાહન મળે તે માટે ફરજીયાત ઉર્જા ઓડીટ
- લીફ્ટ સ્થાપનોની મંજૂરી, તપાસણી
- રોપ-વેની મંજૂરી, તપાસણી
- રાજયમાં યોગ્ય ગુણવત્તાવાળા વાયરમેન/સુપરવાઈઝર મળે તે માટેની કામગીરી

**મુખ્ય વિદ્યુત નિરીક્ષકની કચેરી દ્વારા આપવામાં આવતી સેવાઓની યાદી અને તેનું સંક્ષિપ્ત વિવરણ**

- વીજ અધિનિયમ, ૨૦૦૩ અન્વયે જાહેર જનતાની વીજળીક સલામતિ જાળવવાની કામગીરી
- વીજસ્થાપનોના નકશા મંજૂર કરવા અને તેની પ્રારંભિક તપાસણી કરવી
- માનવીઓના અને પ્રાણીઓના પ્રાણઘાતક અને બીનપ્રાણઘાતક અકસ્માતોની તપાસ
- વીજળીને લગતી જાહેર જનતાની ફરિયાદોની તપાસ
- ઉર્જા બચતને પ્રોત્સાહન આપવા માટે ફરજીયાત ઉર્જા ઓડીટ
- વીજચોરી અટકાવવા માટે વીજીલન્સ સ્કવોડ દ્વારા દરોડાની કામગીરી
- રાજયમાં સ્થપાતી નવી લીફ્ટ/એસ્કેલેટર અને રોપ-વેની મંજૂરી
- ઉચ્ચ ગુણવતત્તાવાળા વીજળીક સાધનો મળે તે માટે ગુણવત્તા નિયંત્રણની કામગીરી
- સારા અને કાર્યક્ષમ વાયરમેન/સુપરવાઈઝર મળે તે માટે સચિવ, લાયસન્સીંગ બોર્ડની કામગીરી